Industrial Training Institute

**ANAND INDUSTRIAL TRAINING INSTITUTE (ANAND I.T.I.)**

**Managed by SHRI RAMKRISHNA SEVA MANDAL**

SRKSM SPORTS SANKULL, NEAR GRID, LAMBHAVEL ROAD, ANAND 388 001 GUJARAT – INDIA

**Phone:** 02692 247403| **Email ( GIA):** giaitianand@gmail.Com | **Email (SF):** sfitianand@gmail.com | www.ananditi.org

# પ્રવૃત્તિનો અહેવાલ

**તારીખ** ૧૯/૧૧/૨૦૧૯
મંગળવાર

**પ્રવૃત્તિનું નામ** બ્લડ ડોનેશન કેમ્પ
સવારે ૯:૦૦ થી બપોર ૨:૦૦ કલાક

## પ્રવૃત્તિની વિગતવાર માહિતી








**શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ આઈ.ટી.આઈ. આણંદ ખાતે તા.૧૯/૧૧/૨૦૧૯ના રોજ HDFC બેંક, આણંદ અને આણંદ રેડક્રોસ સોસાયટીના સહયોગથી શ્રી રામકૃષ્ણ સેવા મંડળ આણંદ ના માનદ મંત્રી શ્રીમતી જ્યોત્સ્નાબેન કે.પટેલના જન્મદિન પ્રસંગે " બ્લડડોનેશન કેમ્પ" નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આણંદ આઈ.ટી.આઈ. આણંદના ગ્રાન્ટ ઇન એઈડ અને સ્વનિર્ભરના ૬૬ તાલીમાર્થીઓ દ્વારા બ્લડ ડોનેટ કરવામાં આવ્યું હતું. કેમ્પની શરૂઆતમાં સંસ્થાના આચાર્ય શ્રી.ડી.જી.સોલંકી, રેડક્રોસ આણંદ ના શ્રી.ડૉ.કિશોરભાઈ સોની અને નીરવભાઈ પટેલ દ્વારા રક્તદાન અંગે જાગૃતિ લાવવા માટે તાલીમાર્થીઓ માટે એક સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થીઓને રક્તદાન – મહાદાન અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી અને જેના પરિણામ સ્વરૂપ મોટી સંખ્યામાં તાલીમાર્થીઓ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું.**

**બ્લડ ડોનેશન કેમ્પના સફળ આયોજન બદલ સંસ્થાના આચાર્ય શ્રી. ડી.જી. સોલંકી દ્વારા HDFC બેંક,, આણંદ રેડક્રોસ સોસાયટી , આણંદ આઈ.ટી.આઈ.ના પ્રોગ્રામ કો.ઓર્ડીનેટર પ્રવિણસિંહ ડાભી, સંસ્થા પરિવાર અને સર્વે તાલીમાર્થીઓનો આભારવ્યક્ત કર્યો હતો અને સૌને અભિનંદન પાઠવ્યા હતા.**

# સ્થાનિક સમાચારપત્રોમાં પ્રસિદ્ધ થયેલ પ્રેસનોટ

## નયાપડકાર : ૨૦/૧૧/૨૦૧૯

SRKSMના માનદમંત્રીશ્રી જ્યોત્સનાબેન પટેલના જન્મદિન નિમિતે

### શ્રી રામકૃષ્ણ સેવા મંડળ આઇ.ટી.આઇ.માં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો




આણંદ, તા. ૧૯

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ આઇ.ટી.આઇ.માં HDFC Bank આણંદ તથા ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી આણંદના સહયોગથી શ્રી રામકૃષ્ણ સેવા મંડળના માનદમંત્રીશ્રી જ્યોત્સનાબેન પટેલના ૬૬માં જન્મદિન નિમિતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો. જેમાં આણંદ આઇ.ટી.આઇ.ના તાલીમાર્થીઓ દ્વારા ૬૬ યુનિટ બ્લડ એકત્રીત કરી જન્મદિનની ઉજવણી કરી હતી.

કેમ્પની શરૂઆતમાં સંસ્થાના આચાર્યશ્રી દશરથસિંહ સોલંકી, રેડક્રોસના ડો.કિશોરભાઇ સોની તથા એચ.ડી.એફ.સી. બેંકના એ.વી.પી. નીરવભાઇ પટેલ દ્વારા રકતદાન અંગે તાલીમાર્થીઓમાં જાગૃતિ લાવવા, તેમના મનમાં રહેલી ગેરસમજ દૂર કરવા, ફાયદા તથા મૂંઝવતા પ્રશ્નો અંગે સેમીનાર કરવામાં આવ્યો. આ કેમ્પમાં ગ્રાન્ટેડ તથા સેલ્ફાઇનાન્સના વિવિધ ટ્રેડના તાલીમાર્થીઓ દ્વારા ૬૬ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતુ. જેમાં HDFC Bankના સિલ્વર જ્યુબલી વર્ષ નિમીતે રક્તદાતાઓને શુભેચ્છા ભેટ આપીને આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કેમ્પને સફળ બનાવવા ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી આણંદના બ્લડ ડોનેશન કેમ્પ કો.ઓર્ડીનેટર શ્રી નિરવભાઇ, HDFC Bankઆણંદનાં મેનેજર ચિરાગભાઇ તલાટી તથા આણંદ આઇ.ટી.આઇ.ના પ્રોગ્રામ કો.ઓર્ડીનેટર પ્રવિણસિંહ ડાભી તથા સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

## સરદારગુર્જરી : ૨૦/૧૧/૨૦૧૯

### રામકૃષ્ણ સેવા મંડળના માનદમંત્રી જ્યોત્સનાબેન પટેલના જન્મદિન નિમિતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



આણંદ, તા. ૧૯

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ આઇ.ટી.આઇ.માં એચડીએફસી બેંક આણંદ તથા ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી આણંદના સહયોગથી શ્રી રામકૃષ્ણ સેવા મંડળના માનદમંત્રી જ્યોત્સનાબેન પટેલના ૬૬માં જન્મદિન નિમિતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો. જેમાં આણંદ આઇ.ટી.આઇ.ના તાલીમાર્થીઓ દ્વારા ૬૬ યુનિટ બ્લડ એકત્રીત કરી જન્મદિનની ઉજવણી કરી હતી. કેમ્પની શરૂઆતમાં સંસ્થાના આચાર્ય દશરથસિંહ સોલંકી, રેડક્રોસના ડો.કિશોરભાઇ સોની તથા એચ.ડી.એફ.સી. બેંકના એ.વી.પી. નીરવભાઇ પટેલ દ્વારા રકતદાન અંગે તાલીમાર્થીઓમાં જાગૃતિ લાવવા, તેમના મનમાં રહેલી ગેરસમજ દૂર કરવા, ફાયદા તથા મૂંઝવતા પ્રશ્નો અંગે સેમીનાર કરવામાં આવ્યો. આ કેમ્પમાં ગ્રાન્ટેડ તથા સેલ્ફાઇનાન્સના વિવિધ ટ્રેડના તાલીમાર્થીઓ દ્વારા ૬૬ યુનિટ રકત એકત્ર કરવામાં આવ્યું હતુ. જેમાં એચડીએફસી બેંકના સિલ્વર જયુબલી વર્ષ નિમીતે રકતદાતાઓને શુભેચ્છા ભેટ આપીને આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. આ કેમ્પને સફળ બનાવવા ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી આણંદના બ્લડ ડોનેશન કેમ્પ કો.ઓર્ડીનેટર નિરવભાઇ, એચડીએફસી બેંક આણંદનાં મેનેજર ચિરાગભાઇ તલાટી તથા આણંદ આઇ.ટી.આઇ.ના પ્રોગ્રામ કો.ઓર્ડીનેટર પ્રવિણસિંહ ડાભી તથા સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

## દિવ્યસમાચાર : ૨૦/૧૧/૨૦૧૯

### શ્રી રામકૃષ્ણ સેવા મંડળ આઈ.ટી.આઈ.માં બ્લડ ડોનેશન કેમ્પ




આણંદ, તા. ૧૯

શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ આઈ.ટી.આઈ.માં એચ.ડી.એફ.સી. બેંક આણંદ તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી આણંદના સહયોગથી શ્રી રામકૃષ્ણ સેવા મંડળના માનદ્ મંત્રી જ્યોત્સનાબેન પટેલના ૬૬માં જન્મદિન નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. જેમાં આણંદ આઈ.ટી.આઈ.ના તાલીમાર્થીઓ દ્વારા ૬૬ યુનિટ બ્લડ એકત્રીત કરી જન્મદિનની ઉજવણી કરી હતી.

કેમ્પની શરૂઆતમાં સંસ્થાના આચાર્ય દશરથસિંહ સોલંકી, રેડક્રોસના ડૉ. કિશોરભાઈ સોની તથા એચ.ડી.એફ.સી. બેંકના એ.વી.પી.ના નીરવભાઈ પટેલ દ્વારા રક્તદાન અંગે તાલીમાર્થીઓને જાણકારી આપવામાં આવી હતી. આ કેમ્પમાં ગ્રાન્ટેડ તથા સેલ્ફફાઈનાન્સના વિવિધ ટ્રેડના તાલીમાર્થીઓ દ્વારા ૬૬ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. જેમાં બેંકના સિલ્વર જ્યુબલી વર્ષ નિમીત્તે રક્તદાતાઓને શુભેચ્છા ભેટ આપીને આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. કેમ્પને સફળ બનાવવા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી આણંદના બ્લડ ડોનેશન કેમ્પ કો.ઓર્ડિનેટર નિરવભાઈ, એચ.ડી.એફ.સી. બેંક આણંદના મેનેજર ચિરાગભાઈ તલાટી, આણંદ આઈ.ટી.આઈ.ના પ્રોગ્રામ કો.ઓર્ડિનેટર પ્રવિણસિંહ ડાભી તથા સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.